ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૩/૪૪૮-૮૨

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૦૪/૦૧/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : રાજ્યની તમામ શાળાઓમાં ગુડ ટચ-બેડ ટચ અંગે જાગૃતતા કેળવવા અંગે.
સંદર્ભ : ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: GSCPCR/GEN/e-file/400/2022/0029/Registry, તા.૨૧/૧૨/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, રાજ્યની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ગુડ ટચ-બેડ ટચને સમજે તેમજ તે અંગે જાગૃતતા કેળવે તે હેતુથી એન.સી.ઈ.આર.ટી.ની વેબસાઈટ પર https://ncert.nic.in/komal-video.php લીંક પર કોમલ નામની ટૂંકી ફિલ્મ હિન્દી અને અંગ્રેજી ભાષામાં લોડ કરવામાં આવેલ છે. આ ફિલ્મથી વિદ્યાર્થીઓને ગુડ ટચ-બેડ ટચની સારી સમજ પડશે. જે થકી અયોગ્ય ઘટનાઓ ઘટિત થતી રોકવામાં મદદ મળશે.

ઉક્ત વિગત અન્વયે રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આ ફિલ્મ નિહાળવામાં આવે તે માટે આપની કક્ષાએથી તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

**નકલ સવિનય રવાના :**

સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, બ્લોક નં.૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (ઈ-મેઈલ : sec-gscpcr@gujarat.gov.in)

પરિપત્ર- ૨૪૦

ક્રમાંક:યજન/ગુડ ટચ-બેડ ટચ/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૦૬/૦૧/૨૦૨૩

ઉપરોક્ત પરીપત્ર અન્વયે આચાર્યને જાણ તથા અમલ કરવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ તમામ.
જિ.અમરેલી.